દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૫ ઓગસ્ટ, ૨૦૨૬

# ઈરાન યુદ્ધમાં ટ્રમ્પ ભારે અવઢવની સ્થિતિમાં છે

ઇરાન પર સખત હુમલાની ધમકી આપનાર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો નિર્ણય ૨૪ કલાકમાં જ બદલાવો એ ઇરાન યુદ્ધમાં તેમની અવઢવની દશા દર્શાવે છે, જેનો તેઓ વિતેલા કેટલાક અઠવાડિયાથી સામનો કરી રહ્યા છે. ફરી એકવાર, તેમણે લશ્કરી કાર્યવાહી મુલતવી રાખવાનું અને ઇરાન સાથેના કરારને તક આપવાનું પસંદ કર્યું, જ્યારે કે તેઓ સ્પષ્ટપણે જાણે છે કે ઇરાનીઓ આ કરારનું પાલન કરે તેવી શક્યતા ઓછી છે. આ ધર્મસંકટ રાજકીય છે. અમેરિકી સંસદની મધ્યસત્ર ચૂંટણીઓ નજીક આવી રહી છે, અને આ ચૂંટણીઓના પરિણામોને આડકતરી પ્રભાવિત કરવાની ઇરાન પાસે નોંધપાત્ર ક્ષમતા છે. સેનેટમાં રિપબ્લિકન પાર્ટીની બહુમતી નબળી છે, જ્યારે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની સ્થિતિ વધુ નાજુક છે, જ્યાં દરેક બેઠક પર ચૂંટણી યોજાવાની છે. ટ્રમ્પને તેમના કાર્યકાળના છેલ્લા બે વર્ષ દરમિયાન એક સહકાર આપે તેવી કોંગ્રેસની જરૂર છે, જેથી તેઓ પોતાના વ્યાપક સ્થાનિક નીતિગત સુધારાઓ પૂર્ણ કરી શકે.

બીજી બાજુ ઇરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના કમાન્ડરો આ વાત સમજે છે. તેઓ હોર્મુઝની સામુદ્રધુની અને બાબ અલ-મંદેબની સામુદ્રધુની–બંને વિસ્તારોમાં દબાણ બનાવી રહ્યા છે, જેથી તેવા લાંબા ગાળાના લાભો મેળવી શકાય જે તેમના શાસનને મજબૂત કરે અને ટ્રમ્પ જે વ્યૂહાત્મક સફળતા મેળવવા માગે છે તેને રોકી શકાય. ઇરાન તરફથી બીજો ખતરો વધુ ગંભીર છે: ગલ્ફના તેલના કુવાઓમાં આગ લગાવી દેવી અને રિફાઇનરીઓ તેમજ અન્ય સુવિધાઓને ભારે નુકસાન પહોંચાડવું. આ એક એવી વિનાશક સ્થિતિ છે, જે તેહરાને કતાર દ્વારા ટ્રમ્પ સુધી પહોંચાડી હતી. એક અહેવાલ મુજબ, અમેરિકાના હુમલાને રોકવાનો નિર્ણય માત્ર સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની અપીલને કારણે જ નહીં, પરંતુ મુખ્યત્વે કતારની મધ્યસ્થતાને કારણે લેવાયો હતો. દોહાએ ખાતરી આપી હતી કે ઇરાન આ વખતે હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવા માટે સમજુતી કરાર હેઠળની પોતાની વચનબદ્ધતાનું પાલન કરશે. ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ આ ખાતરી કતારીઓ મારફતે અને અમેરિકી દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશ્નરને સીધા સંદેશાઓ દ્વારા અમેરિકા સુધી પહોંચાડી હતી.

વીકેન્ડ દરમિયાન વ્હાઇટ હાઉસ સાથેના ટેલિફોનિક વાર્તાલાપમાં, કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ થાનીએ ચેતવણી આપી હતી કે મોટા પાયા પરનો અમેરિકી હુમલો, ખાસ કરીને જો ઊર્જા ક્ષેત્રની સુવિધાઓને લક્ષ્ય બનાવવામાં આવે તો, ઇરાનના જવાબી હુમલાને આમંત્રણ આપશે. તેમણે કહ્યું કે આવા હુમલાથી ગલ્ફનો સમગ્ર ઊર્જા ઉદ્યોગ ઠપ્પ થઈ જશે અને તેને ભારે નુકસાન પહોંચશે, જેનાથી તેલના ભાવ આસમાને પહોંચશે. અમેરિકીઓએ માંગ કરી હતી કે કોઈપણ સમજૂતીમાં બાબ અલ-મંદેબની સામુદ્રધુનીનો પણ સમાવેશ થવો જોઈએ અને તેમાં ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના કમાન્ડરોની સીધી વચનબદ્ધતા સામેલ હોવી જોઈએ. તે કમાન્ડરો પાસેથી આવી વચનબદ્ધતા મળી છે કે નહીં તે હજુ સ્પષ્ટ થયું નથી. ગલ્ફના રાજદ્વારી સ્ત્રોતોએ જણાવ્યું હતું કે વાટાઘાટોમાં સામેલ અમેરિકી ટીમમાં ઉપપ્રમુખ જેડી વેન્સ અને દૂત વિટકોફ તથા કુશ્નર સામેલ હતા. ટ્રમ્પે પોતે પણ કેટલીક ચર્ચાઓમાં ભાગ લીધો હતો. જો કે, અખાતના અન્ય કેટલાક દેશો આ અભિગમનો વિરોધ કરે છે. ક્ષેત્રના રાજદ્વારી સ્ત્રોતો અનુસાર, સંયુક્ત આરબ અમીરાતના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન ટ્રમ્પ અને કુશ્નરને કહ્યું હતું કે આ ગોઠવણ માત્ર એક અસ્થાયી ઉકેલ છે જેનું ઇરાન પાલન ન પણ કરે. તેમણે કહ્યું કે ટેન્કરો અટવાયેલા જ રહેશે અને લાંબા ગાળાનો ખતરો યથાવત રહેશે. બિન ઝાયદનો સંદેશ એ હતો કે હોર્મુઝની સામુદ્રધુની પરના ઇરાની ખતરાને દૂર કરવા માટે એક સર્વગ્રાહી, સ્પષ્ટ અને કાયમી ઉકેલની જરૂર છે. તેમણે દલીલ કરી હતી કે આ કરવું અમેરિકા અને વૈશ્વિક હિત બંનેમાં છે. જો વર્તમાન તક દરમિયાન આ સમસ્યાનો ઉકેલ લાવવામાં નહીં આવે, તો એકવાર ઇરાન પોતાની શક્તિ ફરીથી પ્રાપ્ત કરી લેશે પછી અમેરિકા અને બાકીની દુનિયા માટે તેનો સામનો કરવો વધુ મુશ્કેલ બની જશે. અમેરિકી પ્રશાસનમાં આખા વીકેન્ડ દરમિયાન મતભેદો રહ્યા હતા. વિદેશ મંત્રી માર્કો રુબિયો અને સંરક્ષણ મંત્રી (સેક્રેટરી ઓફ વોર) પીટ હેગસેથે ઝડપી અને શક્તિશાળી લશ્કરી કાર્યવાહીનું સમર્થન કર્યું હતું, જ્યારે વેન્સ, વિટકોફ અને કુશ્નરે રાજદ્વારી પ્રયાસો ચાલુ રાખવાની તરફેણ કરી હતી. અખાતી યુદ્ધમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ખૂબ ખરાબ રીતે ગુંચવાઇ ગયા છે તે સ્પષ્ટ જણાઇ આવે છે. તેમણે શરૂઆતમાં આ યુદ્ધને કદાચ ખૂબ હળવાશથી લીધું હતું અને થોડા દિવસમાં ઇરાન ઘૂંટણિયે પડી જશે એવી ધારણા વેનેઝુએલાના અનુભવ પરથી બાંધી હશે, પણ વેનેઝુએલા અને ઇરાનમાં ઘણો ફેર છે. ઇરાનીઓ ધાર્યા કરતા ઘણા વધુ શક્તિશાળી અને હોશિયાર પુરવાર થયા છે, વળી તેમને રશિયા અને ચીનનો સાથ પણ મળી રહેલો જણાય છે. ટ્રમ્પ બરાબર સલવાઇ ગયા છે, હવે કેવી રીતે આ સ્થિતિનો તેઓ અંત લાવે છે તે જોવાનું રહે છે.

# પાંજરાપોળ પશુ ઉદ્યોગ કેન્દ્ર તરીકે સ્વાવલંબી બની શકે છે

મનુસ્મૃતિથી મહાભારતકાળ સુધીના સાહિત્યમાં ગાય એક પવિત્ર એકમ હતું. સુવર્ણ માફક દાન-દક્ષિણા કે યજ્ઞદેવના બલિને લાયક હતું. દાતારની ઉદારતા ગાયોની દાન સંખ્યાથી મપાતી. પરંતુ યોગેશ્વર કૃષ્ણે પ્રાણી તરીકે ગાયનું પુનઃ પ્રતિષ્ઠાન કર્યું. ગોવાળિયા તરીકે, માખણચોર તરીકે, ગોચર-ગોવર્ધનના ધારક તરીકે ગાયોમાં માતૃસ્વરૂપનું દર્શન, એક નવા આયામથી પ્રેર્યું અને પછી તો ભકતો, સંતોએ પોતાના પદ-ગાન-કથન દ્વારા ગાયોમાં ૩૩ કોટિ દેવતાઓને સ્થાપ્યાં.

સામાજિક મૂલ્યોમાં ફેરબદલનો ત્રીજો તબક્કો આજથી ૩૨૦૦ વર્ષ પહેલાં જૈન ધર્મ દ્વારા પ્રેરિત થયો. ભગવાન મહાવીરે અહિંસા પરમો ધર્મ, વિચારસત્ત્વના તાર્કિક અમલ માટે જીવદયાને પ્રચલિત કરી ગાય સ્વરૂપને કરુણામય જાણી. તીર્થંકરોએ ગોપાલનને નૈતિક, સદ્વ્યવહાર, પુણ્ય ઉપાર્જન માટેના ધર્મ તરીકે બિરદાવ્યું. ગુજરાતની ભૂમિ ઉપર તો મહાજન અને ગૌ સેવા એકમેકના પર્યાય શબ્દ બની ગયા. દીન-દુ:ખિયારી ગાયો પણ કતલખાને ન જાય તે માટે પાંજરાપોળ શરૂ કરવામાં આવી. જીવદયાના રસ્તે જ ધર્મકાર્ય જાણી મહારાજાઓએ રાજ્યની વણિક પ્રજાની ખુશહાલી માટે પાંજરાપોળોને વિશાળ ગૌચર ફાળવી. જૈન ધર્મીઓએ તો પાંજરાપોળની ગાયો માટે અઢળક દાન વહેવડાવ્યું. તો આજે એકલા ગુજરાતમાં ૧૨૦૦ પાંજરાપોળોમાં ૪.૫૦ લાખ પશુઓ છે જે રાજ્યની કુલ વસતીના ૯% છે. વર્તમાન સ્થિતિમાં ગાયો હિંદુ ધર્મનું પ્રતીક બની જતાં આજે ભેંસ, ઘેટાં, બકરાં, ઊંટ પ્રકારનાં તમામ દૂધાળાં પ્રાણીઓને બાકાત રાખી માત્ર ગૌમાતાને પ્રતિબિંબિત ધારા નીચે અભય વરદાન આપવામાં આવ્યું છે.

દેશના જાણીતા કૃષિવિજ્ઞાની ડૉ. વર્ગીસ કુરિયને શ્વેત ક્રાંતિના ખ્યાલ થકી દૂધ અને દૂધની આડ પેદાશો અંગે ભારતને તમામ દૂધાળાં પ્રાણીઓની ઉપયોગિતાથી વાકેફ કર્યા. સ-વિશેષ ૧૯૭૨ થી ૨૦૦૧ના સમયગાળામાં ખેડૂતોના ૧૮ થી ૨૦ સંઘો રચી ગુજરાતનાં તમામ ગામડાંઓને પશુપાલકોના દૂધને અમૂલ બ્રાન્ડ નીચે સંકલિત કર્યું છે. ગુજરાતમાં ૩૦ લાખથી વધુ પશુપાલકોની વાર્ષિક આવક રૂ.૨.૫ લાખથી ૫ લાખ સુધી પહોંચી છે.

ઢોરનું છાણ હવનકાર્યમાં, મૃત્યુ સમયે કુલડીમાં કે સુવાવડીના શેક માટેના બળતણના છાણાથી વિશેષ ઔદ્યોગિક એકમ તરીકે જોવાતાં થયાં છે. રસોડા માટેના ઉત્તમ બળતણથી વિશેષ પશુઓનું છાણ પાવર જનરેટર માટે ઉત્તમ ઇંધણ બન્યું છે. બાયોગેસ ઉપયોગમાં લેવાયા પછી ઉત્તમ સેન્દ્રિય ખાતર બને છે. જીવ માત્રના દેહમાં તેના કુલ વજનનો ૭૦% ભાગ પાણી અને ભેજ હોય છે. આથી પશુઓને જીવિત રહેવા રોજ ૨૪ કલાકમાં ૪૦ થી ૫૦ લીટર પાણી પીવું પડે છે. આથી પશુ શરીરમાં બનતું મૂત્ર પેશાબ વાટે ૨૪ કલાકમાં ૮ લીટર ઉત્સર્ગ પામે છે. આ ગૌમૂત્ર ઉત્તમ ખાતર છે. તેમાં રહેલ પેસ્ટીસાઈડથી ખેતીમાં દેખાતા ૧૯ પ્રકારના જીવાણુઓ કાબૂમાં રહી શકે છે અને આથી જ પ્રત્યેક ગાયના દિવસભરના મૂત્રમાંથી પ્રતિદિન રૂ.૭૮૦/-ની કિંમતનો પેશાબ ખાતર અને દવા રૂપે આવક મેળવી આપે છે.

વર્ષ ૨૦૧૯-૨૦ની પશુ ગણતરી મુજબ ગુજરાતમાં ૨.૬૮ કરોડથી વધુ પશુ વસતી છે. પ્રતિવર્ષ ૨૬.૮૦ લાખ પશુઓ સહજ રીતે મૃત્યુ પામે છે. પાંજરાપોળ, પાલતુ કે રખડતું જાનવર મૃત્યુ તો પામે જ છે. આ સંદર્ભમાં પણ ખાલી ગુજરાતમાં પ્રતિવર્ષ મરતાં ઢોરનું ચાંમડું ઊતારી લેવામાં આવે તો પ્રત્યેક મરતું જાનવર રૂપિયા ૨૫૦૦ થી ૩૦૦૦/નું લેધર મૂકતું જાય છે.

પ્રાણીઓના અસ્તિત્વનો આધાર તેનું હાડપિંજર છે. એક તંદુરસ્ત ગાય-ભેંસનાં ૨.૫ ટન વજનમાં હાડકાંનો હિસ્સો ૨૭% હોય છે. પ્રાણીજન્ય હાડકામાં ફોસ્ફરસ, મીનરલ, પૉટેશિયમ, કેલ્શિયમ પ્રકારે પ્રાણીજન્ય તત્ત્વો રહેલાં હોય છે. જમીનને ફળદ્રુપ કરવા માટે મૂળભૂત રીતે જોઈતા તત્ત્વ NPK પૈકી પોટાસ અને ફોસ્ફરસનું વાહક પશુઓનાં હાડકાં જ બને છે. એટલું જ નહિ પણ પ્રાણીઓનાં પોલાં હાડકાંમાં રહેલ બોર્નમેરોમાંથી

**અવારનવાર**

**ડો.નાનક ભટ્ટ**

> **ગોવાળિયા તરીકે, માખણચોર તરીકે, ગોચર-ગોવર્ધનના ધારક તરીકે ગાયોમાં માતૃસ્વરૂપનું દર્શન, એક નવા આયામથી પ્રેર્યું અને પછી તો ભકતો, સંતોએ પોતાના પદ-ગાન-કથન દ્વારા ગાયોમાં ૩૩ કોટિ દેવતાઓને સ્થાપ્યાં**

જીલેટીન મળે છે. જે લગભગ-લગભગ તમામ તૈયાર ખોરાકમાં ઉમેરાયેલ હોય છે. કહેવાય છે તો હાથી માટે, પણ ગાય-ભેંસ પણ મરે ત્યારે પૈસાથી માપી શકાય તેવું મૂલ્ય મૂકીને માનવજાતને અલવિદા કહે છે. આમ, એક દૂધાળ ગાય રોજના સરેરાશ ૩.૨ લીટર દૂધ ૮ થી ૧૨ કિલો છાણ તથા ૬ થી ૮ લીટર મૂત્ર દ્વારા તેની યુવાનીના દિવસોમાં સરેરાશ રૂ.૩૩૦/-નું ઉત્પાદન આપે છે અને પોતાના ૯ વર્ષના આયુષ્યમાં મા ઘાસ-ચારાને પાણીના ખર્ચને બાદ કરી ૧૧ લાખ રળાવી આપે છે. ગાયો પાછળના ‘પણ માલિકને રૂ.૩.૫ લાખનો ચોખ્ખો નફો આપે છે. પાંજરાપોળમાં દાન-ભીખથી મરવાના વાંકે જીવતાં પશુ પણ જીવતાં જીવ રોજના રૂપિયા ૪૨ તથા મૃત્યુ પછી તેનાં હાડ-ચામડાંના રૂ.૧૯૦૦/- ચૂકવીને પૃથ્વી ઉપરથી વિદાય થાય છે.

એક ગણતરી અનુસાર પેટ્રોલિયમ ઉદ્યોગમાં રોકેલા રૂ.૩૦૦/- રોજના ૧૦ રૂપિયા તરીકે વળતર આપે છે. જ્યારે પશુઉછેર પાછળ રોકેલા ૧૦ રૂપિયાથી રોજના ૩૦૦/-રૂપિયા બનીને સમાજમાં વૅલ્થ જનરેટ કરે છે. એક કહેવતમાં તો કહેવાયું છે, જ્યાં કાળી (ભેંસ) ત્યાં રોજ દિવાળી, જ્યાં લાલ-ધોળી (ગાય) ત્યાં રોજ ઉજાણી. મનુષ્યને પ્રકૃતિ સાથે જોડીને તેને ગૌરવપૂર્ણ સ્વરોજગાર આપનાર એકમ પશુ છે. પોતાનાં મળમૂત્રના ઉત્સર્ગથી ધરતીને ફળદ્રુપ કરી બાયોમાસને વિસ્તારનાર પશુઓ છે. પર્યાવરણનાં મિત્ર પશુઓ જ છે. માનવજાતનાં ટકાઉપણાને મદદરૂપ થનાર પશુઓ જ છે. આ વાતને સમજીએ.

બદલાતા પરિવેશમાં શહેરોમાં ઉકરડાં ઉપર નભતાં પશુઓના સ્થાને હવે પશુઉછેરને ઉદ્યોગ તરીકે અપનાવવાનો સમય પાકી ગયો છે. ઘટતાં ગૌચરના સ્થાને એગ્રોવેસ્ટમાંથી પશુ આહાર તૈયાર કરીએ. જીવદયાના ક્ષેત્રમાંથી પાંજરાપોળોને બહાર કાઢી પ્રાકૃતિક સાયકલને જાળવીને કેટલ ફાર્મ તૈયાર કરવાનો સમય ગુમાવીશું તો સરવાળે માનવજાત પોતાના કર્મે જ પોતાનો વિનાશ વહોરી લેશે. મહાવીર સ્વામીના જીવદયાના સૂત્ર પાછળ મૂળ વિચાર માનવજાતનો વૈજ્ઞાનિક વિકાસ છે અને અમુલ સંસ્થાએ દૂધના વ્યવસાયથી વિશ્વમાં ગુજરાતને ઊંચેરું કરી આપ્યું છે. તેથી વધુ મોટું પ્રમાણ શું હોઈ શકે!

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## રાહ જોતાં ઊભા રહેવું



એક નદીકિનારે ચાર નાવ બંધાયેલી હતી.સામે પાર જવા માટે મુસાફરો પણ રાહ જોતાં ઊભાં હતાં અને નાવના નાવિકો પણ હાજર હતા. છતાં નવાઈની વાત હતી કે કોઈ નાવમાં બેસતું ન હતું અને કોઈ નાવ નદીમાં હંકારીને સામે કિનારે જવા નીકળતું ન હતું.બધા રાહ જોતાં ઊભાં હતાં.આમ કેમ?

કારણ કે નદીમાં તોફાન હતું, ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે નદીમાં ભરપૂર પાણી હતું અને નદીમાં પાણીનો વેગ બહુ હતો અને પાણીના ઊંચા તરંગો પણ ઉછળી રહ્યા હતા એટલે કોઇ યાત્રા આરંભ કરવાની તૈયારી કરતાં ન હતાં. બધાં રાહ જોતાં હતાં કે ક્યારે નદીના તરંગો ઓછા થાય અને ક્યારે નદીના વેગથી વહેતાં પાણી શાંત થાય.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

ત્યાં એક વૃદ્ધ નાવિક આવ્યો અને તેણે પોતાની નૌકા પાણીમાં સફર કરવા તૈયાર કરી કહ્યું, ‘‘આ નદી છે.તેનો સ્વભાવ છે બે કાંઠે વહેવાનો. તે તો વહેતી જ રહેશે. ક્યાં સુધી તે શાંત થાય તેની રાહ જોતાં ઊભાં રહેશો. ચાલો, જેને સામે કાંઠે જવું હોય તેઓ બેસી જાવ.’’બે-ચાર યાત્રિકો હિંમત કરીને નાવમાં બેઠાં અને વૃદ્ધ નાવિકે નાવ હંકારી. એક યુવાને પૂછ્યું, ‘‘બાબા, તમને આ તોફાની પાણીમાં નૌકા ચલાવતાં ડર નહિ લાગે ને…’’ વૃદ્ધ નાવિકે કહ્યું, ‘‘નદીનાં પાણીનો વેગ હોય કે જીવનની સમસ્યાઓ, તે તો આવતી જ રહેશે. તેમાં આપણે ડરીને અટકવાનું ન હોય. કમર કસીને આગળ વધવાનું હોય. જો નદીનાં પાણીનો વેગ શાંત થાય પછી મુસાફરી કરીશું તેમ વિચારીએ તો કિનારે જ ઊભા રહેવું પડે અને જીવનમાં પણ બધી સમસ્યાઓ ઉકેલી લઉં પછી મનગમતું કામ કરીશ કે મારા મનની ખુશી ઉજવીશ એમ વિચારીએ તો બસ રાહ જોતાં જ રહી જવું પડે કારણ સમસ્યાઓનો ક્યારેય અંત થાય જ નહિ.જો એમ વિચારીએ કે જવાબદારીઓ પૂરી થશે પછી પરિવાર સાથે મોજ કરીશ તો જવાબદારીઓ પૂરી થાય નહિ અને તે દિવસ ક્યારેય આવે જ નહિ.એટલે જે સંજોગો હોય તેની સામે પાર તરીને જ આગળ નીકળવું પડે.’’વૃદ્ધ નાવિકે પોતાના અનુભવમાંથી સાચી સમજ આપી.

જીવનમાં જે સંજોગો અને પરિસ્થિતિઓ અનુકૂળ થવાની રાહ જોતો ઊભો નથી રહેતો પણ મહેનત કરીને સામે લડે છે તે જીવનમાં આગળ વધીને સુખ, સફળતા મેળવી શકે છે.

# યુવાનોની સામે વાસ્તવિક સમસ્યા શું છે?

આપણા જેન ઝીની સમસ્યાઓ, તેમની નિરાશા અથવા તો તેમની ‘સ્વતંત્રતાના અભાવ’ વિશે વાતો કરવી ખૂબ જ ફેશન બની ગઈ છે. ખાસ કરીને દિલ્હીના જંતર-મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના વિરોધ પ્રદર્શન પછી. પરંતુ ભારતનાં યુવાનો સામનો કરી રહ્યાં છે તે ખરી સમસ્યા ડ્રગ્સ/કિફી દ્રવ્યોનું વ્યસન છે. વિશ્વનો કોઈ પણ ભાગ નશાના દૂષણથી મુક્ત નથી અને ભારત પણ તેમાં અપવાદ નથી.

પંજાબના ઓપિઓઈડ સંકટથી લઈને કેરળની રેવ પાર્ટીઓ સુધી, ગોલ્ડન ક્રેસન્ટ અને ગોલ્ડન ટ્રાયએંગલ સાથે જોડાયેલા હેરોઈનના માર્ગોથી લઈને હાઈ વેના ઢાબાના ઓથા હેઠળ ચાલતા અફીણના નેટવર્ક સુધી, આ દૂષણ એક રાષ્ટ્રીય પડકાર બની ગયું છે જે લાખો યુવાન ભારતીયો અને તેમનાં પરિવારોને પ્રભાવિત કરી રહ્યું છે. સરકારી અંદાજ મુજબ, 370 મિલિયન (37 કરોડ)થી વધુ ભારતીયો કોઈ ને કોઈ સ્વરૂપે નશાકારક પદાર્થોનું સેવન કરે છે, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના 2025ના અહેવાલ મુજબ, દેશભરમાં આશરે 1.34 લાખ કિલોગ્રામ નશાકારક દવાઓ જપ્ત કરવામાં આવી હતી, જેનું અનુમાનિત બજાર મૂલ્ય આશરે 1,980 કરોડ છે. એ જ વર્ષમાં રેકોર્ડ 42,282 એકરમાં થઈ રહેલી ગેરકાયદેસર અફીણની ખેતીનો નાશ કરવામાં આવ્યો હતો, જે 2020માં માત્ર 10,000 એકરની સરખામણીમાં એક જંગી ઉછાળો છે. આપણે આ વિશે જેટલી વાત કરવી જોઈએ તેટલી કેમ નથી કરતા? શું એ એટલા માટે છે કે આપણને તેમાં રાજકારણ નથી દેખાતું? કડવું સત્ય એ છે કેઃ નશીલા પદાર્થોનું સેવન એક અત્યંત ગંભીર ચિંતાનો વિષય છે. તે દેશની શારીરિક અને સામાજિક-આર્થિક સુખાકારી પર પ્રતિકૂળ અસર કરે છે. વાસ્તવમાં, તે સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં જાહેર આરોગ્ય પર નોંધપાત્ર અસર કરે છે. દારૂ/ડ્રગ્સનું વ્યસન માત્ર સંકળાયેલી વ્યક્તિને જ નહીં, પરંતુ પરિવાર અને સમગ્ર સમાજને પણ અસર કરે છે.

દારૂ સૌથી વધુ ઉપયોગમાં લેવાતો નશો છે, જેમાં 10થી 75 વર્ષની વયનાં લગભગ 160 મિલિયન (16 કરોડ) લોકો હાલમાં તેનું સેવન કરે છે. આશરે 31 મિલિયન (3.1 કરોડ) લોકો ગાંજાનો ઉપયોગ કરે છે, જ્યારે ઓપિઓઈડનો ઉપયોગ (હેરોઈન અને સ્મેક સહિત) 2 ટકાથી વધુ વસતીને અસર કરે છે અને લાખો લોકો સિડેટિવ (ઊંઘની દવા) અને ઈનહેલન્ટ (સૂંઘવાનો નશો) પર નિર્ભર છે. આશ્ચર્યજનક વાત એ છે કે, 8.5 લાખ લોકો ડ્રગ્સના ઈન્જેક્શન લે છે. 10થી 75 વર્ષની વય વચ્ચેનાં લગભગ 16 કરોડ લોકો (14.6%) વર્તમાનમાં દારૂ પીએ છે અને તેમાંથી 5.2% દારૂના વ્યસની બની ચૂક્યાં છે.

લગભગ 3.1 કરોડ વ્યક્તિઓ (2.8%) ગાંજાના ઉપયોગકર્તા છે અને 72 લાખ (0.66%) લોકો ગાંજા સંબંધિત સમસ્યાઓથી પીડાય છે. એકંદર ઓપિઓઈડ ઉપયોગકર્તાઓ 2.06% છે અને લગભગ 0.55% (60 લાખ)ને સારવાર સેવાઓ/આરોગ્ય સેવાની જરૂર છે.

1.18 કરોડ (1.08%) લોકો સિડેટિવના વર્તમાન ઉપયોગકર્તાઓ છે (તબીબની સલાહ વગર).

પુખ્ત વયનાં લોકોના 0.58% ની સરખામણીમાં 1.7% બાળકો અને કિશોરો ઈનહેલન્ટના ઉપયોગકર્તા છે. લગભગ 18 લાખ બાળકોને ઈનહેલન્ટના ઉપયોગ માટે મદદની જરૂર છે. 2 ઓગસ્ટના રોજ દેશભરમાં 10,000થી વધુ સ્થળોએ એક કરોડથી વધુ યુવાનોએ એકસાથે ભાગ લીધો હતો અને નશીલા પદાર્થોના સેવન સામે રાષ્ટ્રીય સંકલ્પ લીધો હતો. બાળકોને નશાની લતથી બચાવવા એ ભારત સામે સૌથી મોટા નીતિ વિષયક પડકારોમાંથી એક છે. સરકારી અને ખાનગી બંને એજન્સીઓના તાજેતરના અહેવાલો સૂચવે છે કે, નાનાં બાળકોમાં નશીલા પદાર્થોના ઉપયોગ અને દુરુપયોગના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. તત્કાળ એ વિચારવાની જરૂરિયાત છે કે, બાળકોને ડ્રગ્સના ઉપયોગથી ઊભાં થતાં જોખમો વિશે કેવી રીતે જાગૃત કરી શકાય. (બાળકની ઉંમર અને તબક્કાને ધ્યાનમાં રાખીને). આપણે આપણાં બાળકોને ડ્રગ્સના ઉપયોગ વિશે જાણકારી આપવી અને પ્રવર્તમાન સાથીદારોના અને સામાજિક દબાણ સામે પ્રતિકાર વિકસાવવા માટે પ્રેરિત કરવાં પડશે.

**ફિંગર પ્રિન્ટ**

**શેખર ઐયર**

> **ભારતના વિરોધી રાષ્ટ્રો આપણા દેશને કમજોર કરવા માટે યુવાનોને લક્ષ્ય બનાવીને આતંકવાદી એજન્ડાના ભાગ રૂપે ગેરકાયદેસર ડ્રગ્સના વેપારનો ઉપયોગ કરી રહ્યાં છે**

શાળાનાં બાળકોમાં આત્મવિશ્વાસ અને ખુદને સક્ષમ હોવાની અનુભૂતિ કરવાની ભાવનાને પ્રોત્સાહિત કરવા માટે અસરકારક પગલાં જરૂરી છે, જેથી કિશોરો અને બાળકોમાં જોખમી વર્તનને રોકી શકાય. ઉચ્ચ બેરોજગારી, કારકિર્દીનો તણાવ અને માનસિક સ્વાસ્થ્યના સંઘર્ષો યુવાનોને નશીલા પદાર્થોના સેવન તરફ ધકેલે છે. ભારતના વિરોધી રાષ્ટ્રો આપણા દેશને કમજોર કરવા માટે યુવાનોને લક્ષ્ય બનાવીને આતંકવાદી એજન્ડાના ભાગ રૂપે ગેરકાયદેસર ડ્રગ્સના વેપારનો ઉપયોગ કરી રહ્યા છે. પંજાબમાં ડ્રોન દ્વારા ડ્રગ્સની ડિલિવરી એ એક મોટી રાષ્ટ્રીય સુરક્ષા કટોકટી છે, જેમાં પાકિસ્તાનમાંથી સીમાપાર થતી ગેરકાયદેસર નશીલા પદાર્થોની તસ્કરી સામેલ છે. વાસ્તવમાં, પંજાબ રાજ્ય ભારતમાં સૌથી વધુ અસરગ્રસ્ત સરહદી પ્રદેશ તરીકે ઊભરી આવ્યું છે. તે અત્યાધુનિક, શસ્ત્રસજ્જ અને સેટેલાઇટ-ગાઈડેડ માનવરહિત એરિયલ વાહનો (યુએવી) માટે પ્રાથમિક લક્ષ્ય છે, જે પ્રતિબંધિત માલ ફેંકે છે. દેશભરમાં નોંધાયેલી 305 ડ્રોન સંબંધિત ડ્રગ ટ્રાફિકિંગ ઘટનાઓમાંથી, પંજાબ સરહદ પર જ આશ્ચર્યજનક રીતે 298 ઘટનાઓ બની હતી. આ ગેરકાયદેસર ઉડાનના પરિણામે એક જ વર્ષમાં લગભગ 460 કિલોગ્રામ નશાકારક પદાર્થો જપ્ત કરવામાં આવ્યા હતા, જેમાં 448 કિલોગ્રામ હેરોઈન, 9 કિલોગ્રામ મેથ્મફેટામાઈન (આઈસીઈ) અને 3 કિલોગ્રામ અફીણનો સમાવેશ થાય છે. પાકિસ્તાનમાંથી ઓપરેટ કરતી મોટી ડ્રગ્સ ગેંગ આ યુએવીનો ઉપયોગ જમીની ફેન્સિંગ સિક્યોરિટી સ્તરોને પાર કરીને સ્થાનિક રીસીવર નેટવર્ક સુધી પહોંચવા માટે કરે છે. ગુજરાતનાં બંદરો પર સૌથી વધુ વારંવાર પકડાતા ગેરકાયદેસર ડ્રગ્સમાં મેફેડ્રોન (એમડી) અને મેથ્મફેટામાઈન જેવા સિન્થેટિક ઉત્તેજક પદાર્થો, હેરોઈન અને ટ્રામાડોલ જેવા ઓપિઓઈડ્સ અને ગાંજા તથા ચરસ જેવા ભાંગ-આધારિત પદાર્થોનો સમાવેશ થાય છે. જો કે, ગુજરાતનાં બંદરો પર જપ્ત કરવામાં આવેલ ઉચ્ચ મૂલ્યના પ્રતિબંધિત માલનો મોટો હિસ્સો અન્ય ભારતીય રાજ્યો અથવા આંતરરાષ્ટ્રીય બજારોમાં મોકલવા માટે હોય છે. આમ છતાં સિન્થેટિક ડ્રગ્સનું સ્થાનિક સ્તરે ઉત્પાદન અને વપરાશ નોંધપાત્ર રીતે વધ્યો છે. 2 ઓગસ્ટના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ‘વિકસિત ભારત સંકલ્પ અભિયાન માટે નશામુક્ત યુવા’નો પ્રારંભ કરાવ્યો હતો. આ ઝુંબેશ હેઠળ આગામી 100 રવિવારોમાં નશામુક્ત ભારતની દિશામાં 100 મજબૂત પગલાંઓ ઉઠાવવામાં આવશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## મોદીજી, ઝૂકતા શીખો

NEET પેપર લીક મામલે શિક્ષણમંત્રી ધ.પ્રધાનના રાજીનામાની માંગણી સાથે દિલ્હીના જંતરમંતર પર વિરોધ પ્રદર્શન કરી રહેલા કોકરોચ જનતા પાર્ટી (CJP) અને સામાજીક કાર્યકર સોનમ વાંગ્ચુકે ભૂખ હળતાળ શરૂ કરી. વ.પ્ર. નરેન્દ્ર મોદીજીએ તેમના સ્વભાવ પ્રમાણે સમગ્ર આંદોલનની શરૂઆતમાં ઘોર ઉપેક્ષા કરી. અહંકાર અને સત્તાભિમાન એ મોદીજીનો સ્વભાવ છે. પરીણામે આંદોલને ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને દેશના બધા ક્ષેત્રોમાંથી પણ વિરોધ પ્રગટ થયો. એક તબક્કે સોનમજીનો જીવ જોખમમાં આવી ગયો. છેવટે NDA સરકારે હાર સ્વીકારીને CJPની બધી જ માંગણીઓ સ્વીકારી. અત્યાર સુધીમાં NEETના પેપર અનેક વખત ફૂટ્યા છે. તો NDA સરકારને આવા ટાસ્ક ફોર્સની રચનાનું કેમ ન સૂઝયું? તેઓ એક મોટા આંદોલનની રાહ જોતા હતા? લા.બ. શાસ્ત્રીજીએ 1956માં થયેલા એક રેલ્વે અકસ્માતની નૈતિક જવાબદારી સ્વીકારીને રેલ્વે મંત્રી પદેથી રાજીનામું આપી ઘરે બેસી ગયા હતા. તેવી જ રીતે ધ.પ્રધાન પણ NEET પેપરના લીક થવાના મુદ્દે પોતાની નૈતીક જવાબદારી સ્વીકારીને રાજીનામું આવ્યું હોત તો તેઓ પણ શાસ્ત્રીજીની જેમ લાંબા સમય સુધી યાદ રહેતે! અને મોદીજી, લોકોનો પ્રેમ સંપાદન કરવો હોય અને ભાજપ સરકારને લાંબો સમય સુધી ટકાવવી હોય (જે અત્યંત જરૂરી છે) તો અંહકાર છોડીને ઝૂકતા શીખો - લોકોના અવાજને સાંભળતા શીખો!

**સુરત - ડૉ. કીરીટ ડુમસીયા**

## ગોખણપટ્ટીથી મુક્ત અને કૌશલ્ય-આધારિત ૨૧મી સદીનું નવું શિક્ષણ

આજના આધુનિક અને ટેકનોલોજીના યુગમાં શિક્ષણની વ્યાખ્યા ઝડપથી બદલાઈ રહી છે. પરંપરાગત ગોખણપટ્ટી અને માત્ર માર્ક્સ લાવવાની સ્પર્ધા હવે ભૂતકાળ બની રહી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના પ્રવેશ સાથે હવે શિક્ષણનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ અને તેને વ્યવહારિક જીવન માટે તૈયાર કરવાનો છે. આજના ‘નવા શિક્ષણ’માં કેટલાક મહત્વના પરિવર્તનો આવશ્યક બની ગયા છે જેમ કે કૌશલ્ય આધારિત શિક્ષણહવે માત્ર પુસ્તકિયા જ્ઞાન પૂરતું નથી. વિદ્યાર્થીઓમાં ક્રિટીકલ થીંકિંગ, કોડિંગ, પ્રોબ્લેમ સોલ્વિંગ અને ડિજિટલ સાક્ષરતા જેવા કૌશલ્યો ખીલવવા જરૂરી છે. પ્રાયોગિક અને અનુભવાત્મક શિક્ષણમાં વિજ્ઞાન કે ગણિત જેવા વિષયો માત્ર બ્લેકબોર્ડ પર શીખવવાને બદલે પ્રેક્ટિકલ પ્રોજેક્ટ્સ, પ્રયોગશાળાઓ અને ડિજિટલ ટૂલ્સ દ્વારા શીખવવામાં આવે તો વિદ્યાર્થીઓનો પાયો મજબૂત થાય છે. માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ આપવું જોઈએ જેથી બાળક પોતાની માતૃભાષામાં સૌથી ઝડપથી અને સહેલાઈથી શીખી શકે છે. નવા શિક્ષણ અભિગમમાં માતૃભાષાની સાથે આધુનિક જ્ઞાનનો સમન્વય થવો જરૂરી છે. અભ્યાસના અતિશય બોજ અને પરીક્ષાના તણાવમાંથી વિદ્યાર્થીઓને મુક્ત કરીને રમતગમત, કળા અને માનસિક સ્વાસ્થ્યને શિક્ષણનો જ એક ભાગ બનાવવો જોઈએ. નવું શિક્ષણ એવું હોવું જોઈએ જે વિદ્યાર્થીને માત્ર ‘નોકરી શોધનાર’ નહીં, પણ ‘જ્ઞાની અને આત્મનિર્ભર નાગરિક’ બનાવે. શાળા, શિક્ષકો અને વાલીઓ તમામે મળીને બાળકોને ગોખણપટ્ટીની રેસમાંથી બહાર કાઢીને તેમની અંદર રહેલી ક્ષમતાઓને ઓળખવાની તક આપવી પડશે.

**સુરત - સુરતી નીતિનકુમાર**

## મુશ્કેલ સમયમાં ભૂખ સામે સુરક્ષા

દુનિયાની વસ્તી આજે આઠ અબજ ઉપર થઈ ગઈ છે તેમ છતાં લોકોને પુરતો ખોરાક મળી રહે છે દુનિયાના તમામ દેશોના લોકોનો રોજિંદો ખોરાક બટાકા ચોખા અને નોનવેજમાં ચીકન અને ઈંડા એ એક સરખો રોજિંદો ખોરાક છે ત્યાર પછી ખાદ્ય સામગ્રીમાં ઘણી વસ્તુઓ છે પરંતુ તેમાં આ ચાર ખાદ્ય સામગ્રીનુ ઉત્પાદન અને પુરવથો દુનિયાના તમામ દેશોમાં એકસરખો હોય છે જે કોઈપણ પરિસ્થિતિમાં લોકોનું પેટ ભરે છે. આપણે ત્યાં કોરોનામાં લોકડાઉન હતુ. ત્યારે ઘણા લોકો કાદાં બટાકાનું શાક રોટલી દાળ ભાત કે ખીચડી થી ચલાવી લેતા હતા તેથી ચોખા કાદાં બટાકા તેમજ લોટ નો કાયમી સ્ટોક રાખવો જોઈએ જેથી અતિ ભારે વરસાદથી પુર આવે કે અન્ય કોઈપણ આફતમાં જો આટલો ખોરાક હાથવગો હોય તો મુશ્કેલ પરિસ્થિતિમાં કામ આવે અને બાળકો સહિત કોઈ પણ ભૂખ્યા ના રહે.

**સુરત - વિજય તુઈવાલા**

## વાહન પ્રદૂષણથી મોત

21 મી સદીમાં વાહનો હવે જાણે દરેક માટે અનિવાર્ય બની ગયા છે. પરંતુ એ જ વાહનોના પ્રદૂષણ થકી લોકો અસ્થમાનો ભોગ બને છે. એટલું જ નહીં વાહનો પ્રદૂષણથી અનેક માણસો મોતને પણ ભેટે છે ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન ક્લીન ટ્રાન્સપોર્ટેશનના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વાહન પ્રદૂષણને પરિણામે ભારતમાં દર છ મિનિટે એક વ્યક્તિ મૃત્યુ પામે છે. એટલું જ નહીં અસંખ્ય લોકો અસ્થમાનો ભોગ પણ બને છે. વિશ્વમાં આપણો દેશ ભારત વાહન પ્રદૂષણથી થતા અવસાનની બાબતમાં બીજા નંબરે આવે છે કે જે ખૂબ જ ચિંતા પ્રેરે એવી બાબત છે. વાહનોમાંથી નીકળતો ઝેરી ધુમાડો એ લોકોના આરોગ્ય માટે ખૂબ જ નુકસાનકારક પુરવાર થાય છે. જો વાહન પ્રદૂષણની સામે કોઈ પગલા લેવામાં નહીં આવશે તો અસંખ્ય લોકો મોતને ભેટશે. દરેક વાહનોનું પી.યુ.સી. ફરજિયાત હોવા છતાં ઘણા વાહન માલિકો પોતાના વાહનોનું પી.યુ.સી. કરાવતા નથી. આ સંજોગોમાં વાહન પ્રદૂષણના મોતથી બચવું હોય તો લોકોએ હવે ઈ - વાહનો તરફ ઝડપથી વળવું પડશે. એક અંદાજ એવો છે કે ભારતમાં રોડ પર પરિવહન સંબંધિત પ્રદૂષણથી 90,000 જેટલા લોકોના મોત દર વર્ષે થાય છે. આ ખૂબ જ ચિંતાપ્રેરક બાબત છે. સરકાર સવેળા જાગીને આ દિશામાં ઝડપથી પગલાં લે એ ખૂબ જ જરૂરી છે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

## ડમીનું ભૂત

આજકાલ ડમી શબ્દ ખૂબ જ પ્રચલિત થઇ ગયો છે. ડમી વિદ્યાર્થી, ડમી શિક્ષક, ડમી પોલીસ કર્મી જેવા ઘણા બધા ક્ષેત્રમાં ડમી સાંભળવા મળે છે. પણ હમણા તો ડમી સ્કૂલ વિશે જાણ્યું. આખે આખી સ્કૂલ ડબી - ડમી સ્કૂલ એટલે ભૂતિયા શાળા અમદાવાદના મણીનગર વિસ્તારમાં આવેલી શ્રીમતી પી.બી.ડી. જોષી હાઇસ્કૂલના સંચાલકોએ બોર્ડની મંજૂરી વિના સુભારતી શાળા નામની ભૂતિયા શાળા ખાનગી ઊભી કરી દીધી હતી અને વાલીઓ પાસે ખાનગી શાળાના નામે 18 હજાર રૂ. ફી પણ વસૂલમાં આવી અને વિદ્યાર્થીઓએ ધો. 10ની બોર્ડની પરીક્ષા પણ આપી પાસ પણ ગઇ ગયા. પરિણામ જાહેર થયાને બે મહિના વીતી ગયા પણ વિદ્યાર્થીને હજુ સુધી અસલ માર્કશીટ આપી નથી ખરેખર આ બધુ જાણ્યા પછી થાય છેકે આ ડમીનુ ભૂત ક્યાં સુધી ધૂણશે. કોઇ કહેવાય નહી. ભાવનગરમા પણ એક ડમી સ્કૂલ છે. આવી અવનવી વાતો જાણવા મળે છે. ત્યારે થાય છે કે શું થશે આ શિક્ષણ જગતનું. ભગવાન જાણે.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

## દેશ-વિરોધી અભિયાનને સમજો?

જંતર-મંતર પર નીટ-યુજી પેપર લીકનો વિરોધ તો માત્ર એક માધ્યમ છે. આની પાછળ દેશવિરોધી માસ્ટરમાઈન્ડ દ્વારા સુનિયોજિત આયોજન ચાલી રહ્યું છે, જેમાં વિરોધ પક્ષોના નેતાઓ અને કેટલાક દેશવિરોધી અભિનેતાઓના પણ જંતર-મંતર પર દર્શન થયા હતા. કોકરોચ જનતા પાર્ટીને વિરોધ પક્ષોનું અદ્ભુત સમર્થન મળી રહ્યું છે. તે તમામનો મુખ્ય હેતુ ભારતમાં પણ નેપાળ અને બાંગ્લાદેશ જેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનો છે. આજની યુવા પેઢીએ જાગૃત થઈને આવા રાજકારણીઓની કઠપૂતળી બનવાને બદલે અહિંસક રીતે પોતાની લડત અલગ રીતે લડવી જોઈએ. જંતર-મંતર પર વિરોધ કરી રહેલા કેટલાક વ્યક્તિઓને મીડિયા પ્રતિનિધિ દ્વારા એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, તમે કયા મુદ્દા પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છો? તેના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, આ પ્રશ્ન અમારા નેતાઓને પૂછો. બાકી દેશની જાગૃત જનતા અને યુવા પેઢીએ પોતાની વિવેકબુદ્ધિથી આ બાબતને સમજવાની છે.

**સુરત - રાજુ રાવલ**